શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
~~Rs. 4700/-~~ Rs. 1500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Creatinine, Blood Urea, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride) - યુરિન ચેકઅપ Urine Test
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin - સુગર તપાસ (Diabetes) FBS, PPBS
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12 - થાઈરોઈડ તપાસ T3 T4 TSH - દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG - છાતીની તપાસ Chest X-Ray - સંધિવા તપાસ RA Test
- એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)

ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેકશનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેદ્યાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેધનકર્મ (વિધ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ નોમ રવિવાર ૪ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૨

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# 21 ગોલ્ડ, 85 મેડલ: એશિયન ગેમ્સમાં ભારત ચોથા ક્રમે

**હાંગઝોઉ** એશિયન ગેમ્સ-2022ની (106 મેડલ) સરખામણીએ ઓછા મેડલ છતાં ભારતે ગયા વખતના ચોથા સ્થાનને જાળવી રાખી અભિયાન સમાપ્ત કર્યું

**ભારતે** કુલ 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ જીત્યા

**નાગોયા, તા. 3 (PTI):** મુખ્ય હેડિંગ: આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026ના પ્રારંભિક દિવસોમાં શૂટિંગ અને એથ્લેટિક્સમાં નબળા પ્રદર્શન બાદ ભારતે મેદાનમાં અભૂતપૂર્વ વાપસી કરી હતી. સ્પર્ધાના આખરી તબક્કામાં તીરંદાજી, બોક્સિંગ, કુસ્તી, હોકી અને ક્રિકેટમાં મળેલા ગોલ્ડ મેડલના દમ પર ભારતીય ટુકડી મેડલ ટેલીમાં ચોથા સ્થાને પહોંચવામાં સફળ રહી છે.

ભારતે પોતાના એશિયાડ અભિયાનનો અંત કુલ 85 મેડલ (21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ) સાથે કર્યો છે. જોકે, 2022ની હાંગઝોઉ આવૃત્તિમાં ભારતે જીતેલા 106 મેડલ (28 ગોલ્ડ, 38 સિલ્વર, 40 બ્રોન્ઝ) કરતાં આ વખતે મેડલની સંખ્યા ઓછી રહી છે, છતાં ભારત ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા એશિયાઈ શક્તિશાળી દેશો પછી ચોથું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે.

આઈચી-નાગોયામાં ભારતીય મહિલા ટ્રેપ શૂટર નીરુ ઢાંડાએ ઐતિહાસિક સિંગલ્સ અને મિક્સ્ડ ટીમ ગોલ્ડ જીત્યો હતો. આ ઉપરાંત ગર્લ્સ રિકર્વ તીરંદાજી ટીમે કોરિયાને હરાવી પ્રથમ ગોલ્ડ મેળવ્યો હતો. બોક્સિંગમાં લવલીના બોરગોહેન, પરવીન અને અંકુશે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો, જ્યારે કુસ્તીમાં અમન સેહરાવત અને સુજીત કાલકલે ભારતની ઝોળીમાં ગોલ્ડ ઉમેર્યા હતા. આ સાથે પ્રણવી ઉર્સે ગોલ્ફમાં ઐતિહાસિક સિંગલ્સ ગોલ્ડ જીત્યો હતો, જ્યારે કબડ્ડી અને ક્રિકેટ સ્પર્ધાઓમાં ભારતે ધારણા મુજબ ગોલ્ડન સફળતા મેળવી હતી.

હોકી અને ક્રિકેટમાં પુરુષ તથા મહિલા બંને ટીમોએ ગોલ્ડ મેડલ મેળવીને દેશનું નામ રોશન કર્યું હતું. ભારતનું આ પ્રદર્શન એશિયાઈ રમતગમતના ક્ષેત્રમાં તેની મજબૂત પકડ દર્શાવે છે.




### છેલ્લા 4 દિવસમાં ભારતની અદભુત છલાંગ

છેલ્લા 4 દિવસમાં ભારતે કુલ 15 ગોલ્ડ મેડલ જીત્યા અને 10મા સ્થાનેથી સીધા 4થા સ્થાને છલાંગ લગાવી. આખરી દિવસોમાં ભારતે તીરંદાજીમાં 5 ગોલ્ડ, બોક્સિંગમાં 3 ગોલ્ડ, કુસ્તીમાં 2 ગોલ્ડ, હોકીમાં 2 ગોલ્ડ અને ક્રિકેટમાં 1 ગોલ્ડ મેડલ જીત્યા હતા.

### ગઈ વખતના એશિયાડ કરતાં મેડલની સંખ્યા ઘટી

- ગત 2022ની હાંગઝોઉ આવૃત્તિમાં ભારતે 28 ગોલ્ડ સાથે રેકોર્ડ 106 મેડલ મેળવ્યા હતા. આ વખતે ભારતના ખાતામાં 21 ગોલ્ડ સાથે કુલ 85 મેડલ જ આવ્યા છે, એટલે કે ગત વખત કરતાં 21 મેડલ ઓછા છે. આ તફાવત છતાં ભારતે મેડલ ટેલીમાં પોતાનું ચોથું સ્થાન અકબંધ રાખ્યું છે.
- ગત 2022ની હાંગઝોઉ આવૃત્તિમાં ભારતે 28 ગોલ્ડ સાથે રેકોર્ડ 106 મેડલ જીત્યા હતા. તેની સરખામણીએ 2026માં ભારતના મેડલની સંખ્યામાં 21 મેડલનો ઘટાડો થયો છે (ગોલ્ડ મેડલમાં 7નો ઘટાડો).

**મુખ્ય ઘટાડો:** શૂટિંગમાં 2022ના 22 મેડલ સામે આ વખતે 15 મેડલ જ મળ્યા, જ્યારે એથ્લેટિક્સમાં 29 મેડલ સામે 24 મેડલ મળ્યા.

- રોઈંગમાં મેડલ સંખ્યા 5થી ઘટીને 1 થઈ ગઈ, જ્યારે ટેનિસ અને ઘોડેસવારીમાં આ વખતે ભારતને કોઈ મેડલ મળ્યો નથી.
- 2026 ની રમતોમાં ચેસનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.



## દુબઇના પાટવી કુંવરે હોસ્પિટલમાં કેપ્ટન સ્મિત મચ્છરની મુલાકાત લીધી

**સંભવિત** દુર્ઘટના ટાળવા બદલ આ ભારતીય પાયલોટની હિંમતના મોં-ફાટ વખાણ કર્યા

**દુબઈ, તા. 3 (PTI):** દુબઈના પાટવી કુંવર હમદાન બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમે શનિવારે ઈઝરાયેલ જઈ રહેલી ફ્લાઈટ દરમિયાન કો-પાઈલટ દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ સંભવિત દુર્ઘટના ટાળવા બદલ ભારતીય પાઈલટ સ્મિત મચ્છરની હિંમતની પ્રશંસા કરી હતી.

કેપ્ટન મચ્છર બુધવારે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાઈદુબઈ'ની ફ્લાઈટ FZ1073 ના કોકપિટમાં છરીના ઘા વાગવાથી ગંભીર રીતે ઘાયલ

...અનુસંધાન પાના 11 પર

## હોર્મુઝ સ્ટ્રેટમાં ટેન્કર પર હુમલો: 5 ભારતીયો બચાવાયા

**દુબઈ, તા. 3 (PTI).** - હોર્મુઝ સ્ટ્રેટમાં કુવૈતના ધ્વજવાળા એક ટેન્કર પર પ્રોજેક્ટાઈલ (કોઈ ચીજ) ટકરાયા બાદ પાંચ ભારતીય નાગરિકોને બચાવવામાં આવ્યા હોવાનું ઓમાનમાં ભારતીય મિશને શનિવારે જણાવ્યું હતું.

'એક્સ' પર એક પોસ્ટમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, તેણે એમટી કાઝીમાહ III પર સવાર પાંચ ભારતીયોને બચાવવાના કાર્યનું સંકલન કર્યું હતું અને તે બધાને સુરક્ષિત રીતે કિનારે પહોંચાડવામાં આવ્યા છે.

દૂતાવાસે બચાવ કામગીરીમાં સતત ટેકો અને સહાય બદલ ઓમાનના સત્તાવાળાઓનો આભાર માન્યો હતો.

આ નાવિકો કુવેતના ઝંડાવાળા ટેન્કર એમટી કાઝિમાહ III પર સવાર હતા. આ ટેન્કર ક્રૂડ ઓઈલથી ભરેલું હતું અને આફ્રિકા તરફ જઈ રહ્યું હતું. જોકે, આ હુમલો કોણે કર્યો તે અંગે હજી સુધી માહિતી સામે આવી નથી.

ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં હોર્મુઝમાં થયેલા હુમલાઓમાં 100થી વધુ ભારતીય નાવિકો પ્રભાવિત થયા છે. વળી, આ હુમલાઓમાં 11 ભારતીય નાવિકોનાં મોત થયાં છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે આ પહેલા મંગળવારે જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં ચાલી રહેલા વ્યાપારી જહાજો પર 4500થી વધુ ભારતીય નાવિકો સવાર છે.

જયસવાલના જણાવ્યા અનુસાર, હાલમાં પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી)માં ભારતીય ધ્વજ વાળા 6 કોમર્શિયલ જહાજો છે. આ ઉપરાંત 6 વિદેશી ધ્વજ વાળા જહાજો પણ

...અનુસંધાન પાના 11 પર

## શાંતિ માટે ભારતનો પ્લાન યુક્રેનને પસંદ પડ્યો

**ભારતની** યુદ્ધવિરામ દરખાસ્ત પર વિચારણા કરવા અમે તૈયાર: યુક્રેનિયન વિદેશ મંત્રી

**US,** તુર્કી અને ઇજિપ્ત કરતાં ભારતનો પ્રસ્તાવ સૌથી સ્પષ્ટ અને વિસ્તૃત હોવાનો યુક્રેનનો દાવો

**એક** સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે મોદી પાસે ખૂબ સારા વિચારો હોવાનું પુતિને જણાવ્યું તેના બીજા દિવસે એન્ડ્રી સિબિહાનું મહત્વનું નિવેદન




**કિવ, તા. 3 (PTI):** યુક્રેને રશિયા સાથે સંભવિત યુદ્ધવિરામ માટેના ભારતના પ્રસ્તાવને કિવને મળેલા ચાર પ્રસ્તાવો પૈકી સૌથી વિસ્તૃત ગણાવ્યો છે. યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ જણાવ્યું હતું કે તેમનો દેશ ઊર્જા માળખાકીય સુવિધાઓ અને કાળા સમુદ્રને આવરી લેતા યુદ્ધવિરામ પર વિચાર કરવા તૈયાર છે.

યુરોપિયન પ્રવદા અખબારના જણાવ્યા અનુસાર, શુક્રવારે કિવમાં પત્રકારો સાથે વાતચીતમાં સિબિહાએ કહ્યું, અમારી પાસે ચાર પ્રસ્તાવો છે. સૌથી વિસ્તૃત પ્રસ્તાવ ભારતનો છે. અમે ઊર્જા અને બ્લેક સી યુદ્ધવિરામ માટે તૈયાર છીએ, પરંતુ માત્ર આ બંનેના સંયોજન સાથે. હવે પાંચમા વર્ષમાં પ્રવેશેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં હજારો નાગરિકોનાં મોત થયા છે, લાખો લોકો બેઘર બન્યા છે અને ઘરો તેમજ મહત્ત્વપૂર્ણ પાયાની સુવિધાઓને ભારે નુકસાન પહોંચ્યું છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેન સંઘર્ષનો પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે ખૂબ જ સારા વિચારો હોવાનું કહ્યાના એક દિવસ બાદ

...અનુસંધાન પાના 11 પર

## તેજસની ડિલિવરીમાં વિલંબથી ભારતીય વાયુસેનાની ચિંતા વધી

**સ્ક્વોડ્રન** ઘટીને 29 થઈ: દર વર્ષે 36 થી 40 નવા ફાઇટર જેટની જરૂરિયાત - એર ચીફ

**પાંચમી** પેઢીના ફાઇટર જેટ અંગે ચીન સાથે પાકિસ્તાનના સહકાર બાબતે પણ ચિંતા વ્યક્ત કરી





નવી દિલ્હી, તા. ૩: હવાઈ શક્તિ સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે ઉત્તરોત્તર વધુ નિર્ણાયક બની રહી છે તેવા સમયે ફાઈટર સ્ક્વોડ્રનની ઘટી રહેલી સંખ્યાને કારણે નવી દિલ્હીમાં તેજસ વિમાન સહિતના નવા લડાયક વિમાનોનો સમાવેશ કરવામાં થઈ રહેલો વધુ પડતો વિલંબ ભારતીય વાયુસેનાને નુકસાન પહોંચાડી રહ્યો છે, તેમ હવાઈ દળના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે શનિવારે જણાવ્યું હતું.

૯૪મા વાયુસેના દિવસ પહેલાં યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધતા વાયુસેના પ્રમુખે એમ પણ જણાવ્યું હતું કે, આ ખાધ પુરવા માટે વાયુસેનાને આગામી કેટલાક વર્ષો સુધી વાર્ષિક ઓછામાં ઓછા ૩૬ થી ૪૦ લડાયક વિમાનોના સમાવેશની જરૂરિયાત છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે સ્વદેશી રીતે નિર્મિત 'તેજસ માર્ક-૧એ' વિમાનો તેમજ 'મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ'(MRFA) પ્રોગ્રામ હેઠળ

...અનુસંધાન પાના 11 પર

## વૈશ્વિક અનિશ્ચિતતા હવે કાયમી સ્થિતિ, સામર્થ્ય નિર્માણની નીતિઓ જરૂરી: નિર્મલા સીતારમણ

**રોકાણ** ચક્રનું નેતૃત્વ કરવા માટે ખાનગી ક્ષેત્રને નાણા મંત્રીનું આહ્વાન




**નવી દિલ્હી, તા. 3 (PTI):** નાણા મંત્રી નિર્મલા સીતારામને શનિવારે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા હવે એક સ્થાયી સ્થિતિ બની ગઈ છે અને એવી નીતિઓ બનાવવાની જરૂરિયાત છે જે સમર્થતાનું નિર્માણ કરે. તેમણે રાષ્ટ્રોને ખુલ્લા અને આગાહીક્ષમ આર્થિક સંબંધો ધરાવવા માટે આહ્વાન કર્યું હતું.

વૈશ્વિક આર્થિક આંચકાઓના આગામી દાયકાનો સામનો કરવા માટે ભારતની ચાર પ્રાથમિકતાઓ સૂચવતા સીતારામને કહ્યું કે, હવે મજબૂત સપ્લાય ચેઈનના નિર્માણમાં સ્વાયત્તતા મેળવવાનો અને સંશોધન અને વિકાસ(R|D) સહિતના ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્ર દ્વારા રોકાણનું નેતૃત્વ કરવાનો સમય આવી ગયો છે. સીતારામને એ પણ ઉમેર્યું હતું કે કામની બદલાતી દુનિયા વચ્ચે કૌશલ્ય વિકાસ માટે તાલીમ ડિઝાઈન કરવા અને પૂરી પાડવામાં ઉદ્યોગોએ વધુ મોટી ભૂમિકા ભજવવી જોઈએ.

કૌટિલ્ય ઈકોનોમિક કોન્ક્લેવ ૨૦૨૬માં બોલતા મંત્રીએ કહ્યું, અનિશ્ચિતતા હવે વૈશ્વિક અર્થતંત્રની સ્થાયી સ્થિતિ છે, અને નીતિ તેના આધારે જ તૈયાર થવી જોઈએ. આપણે આગળ વધવાની સાથે સતત મજબૂતી કેળવતા રહેવાની જરૂર છે; આ કોઈ એક વખતની પ્રક્રિયા નથી. આવનારા વર્ષો તૈયારીની માગ કરે છે, અને ભારત મજબૂત સ્થિતિ સાથે તેની તરફ આગળ વધી રહ્યું છે. ખુલ્લા, આગાહીક્ષમ અને નિયમ-આધારિત વૈશ્વિક આર્થિક સંબંધો વિશે વાત કરતા સીતારામને કહ્યું કે રાષ્ટ્રોએ ભૂરાજકીય મતભેદોને વેપાર અને રોકાણમાં અવરોધ બનવા દેવાને બદલે સંવાદ અને વાટાઘાટો દ્વારા એકબીજા સાથે જોડાણ કરવું જોઈએ. વ્યૂહાત્મક ઈનપુટ્સમાં રાષ્ટ્રીય સુરક્ષા માટે માળખાકીય સ્વાયત્તતા જરૂરી હોવાનું જણાવતા સીતારામને કહ્યું કે, એકમાત્ર સ્ત્રોત પરની નાજુક નિર્ભરતાને બદલીને સ્થાનિક કાર્યકારી ક્ષમતા વધારવા

...અનુસંધાન પાના 11 પર

## અમેરિકાના ક્લિવલેન્ડમાં સ્વામીનારાયણ મંદિર પર ઈંટો વડે હુમલો

**પૂજારીઓ** મંદિરમાં જ હતા તે સમયે હુમલો થયો, કોણે હુમલો કર્યો તે તરત સ્પષ્ટ નહીં



**ક્લિવલેન્ડ, તા. 3 :** ઓહાયોના ગ્રેટર ક્લિવલેન્ડ વિસ્તારમાં આવેલા એક હિન્દુ મંદિર પર શુક્રવારે બપોરે ઈંટો વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પૂજારીઓ અને ભક્તો અંદર હાજર હતા ત્યારે જ બારીઓના કાચ તૂટી ગયા હતા, તેમ હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન(HAF) અને કોએલિશન ઓફ હિન્દુઝ ઓફ નોર્થ અમેરિકા(CoHNA) એ જણાવ્યું હતું.

HAF એ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રિચમંડ હાઈટ્સમાં આવેલા શ્રી સ્વામિનારાયણ વડતાલ ધામ મંદિર પર સ્થાનિક સમય અનુસાર બપોરે 1:30 વાગ્યાની આસપાસ હુમલો થયો હતો. સંસ્થાએ જણાવ્યું હતું કે મંદિર પર ઈંટો ફેંકવામાં આવી હતી, જેનાથી "મોટું નુકસાન" થયું હતું, અને CCTV ફૂટેજ ઉપલબ્ધ છે જેની સત્તાવાળાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. CoHNAએ જણાવ્યું હતું કે જ્યારે આ હુમલો થયો ત્યારે પૂજારીઓ અને કેટલાક ભક્તો મંદિરની અંદર હતા અને બારીઓના કાચ તૂટી ગયા હતા. સંસ્થાએ રિચમંડ હાઈટ્સના મેયર કિમ થોમસ અને સ્થાનિક કાયદા અમલીકરણ એજન્સીઓને આ ઘટનાની નિંદા કરવા અને જવાબદારો સામે ઝડપી

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૩-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૦૦.૦૦ મીમી | ૬૬૨.૦૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૨૦ સે. | ૨૨.૮૦ સે. | ૩૯% |